# Surat Municipal Corporation

## e-Magazine

Issue 63
Aug 04, 2006




### સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩ અને ૨૪ જુલાઈ ૨૦૦૬ના રોજ યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા માટે તા.૨૩.૭.૦૬ તથા તા. ૨૪–૭–૦૬ દરમ્યાન રૂસ્મતપુરાના નવનિર્મિત કોમ્યુનીટી હોલ, સુરત ખાતે વર્ષા ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રાથમિક વિભાગ તથા માધ્યમિક વિભાગ મળી કુલ ૯૧ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકા તરફથી તા. ૨૬ જુલાઈ ૨૦૦૬ના રોજ કારગીલ વિજય દિન નિમિત્તે શહીદોના માનમાં શ્રધ્ધા સુમન કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા તરફથી કારગીલ વિજય દિન નિમિત્તે તા. ૨૬મી જુલાઈ ૨૦૦૬ બુધવારના રોજ સવારે ૯.૩૦ કલાકે " કારગીલ ચોક " લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે શહીદોના માનમાં શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૩ અને ૨૪ જુલાઈ ૨૦૦૬ના રોજ યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા વર્ષાના આગમનને વધાવવા માટે તા.૨૩.૭.૦૬ તથા તા. ૨૪–૭–૦૬ દરમ્યાન રૂસ્મતપુરાના નવનિર્મિત કોમ્યુનીટી હોલ, સુરત ખાતે વર્ષા ગીત સ્પર્ધા રાખવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રાથમિક વિભાગ તથા માધ્યમિક વિભાગ મળી કુલ ૯૧ જેટલી શાળાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, સાંસ્કૃતિક સમિતિના ઉપાધ્યક્ષા શ્રીમતી છાયાબેન ભૂવા,સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓની ઉપસ્થિતમાં દીપ પ્રાગટય કરી સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. પ્રથમ વિજેતાને રૂ.૩૫૦/– ધ્વિતિય વિજેતાને રૂ.૩૦૦/– તૃતિય વિજેતાને રૂ.૨૫૦/– તથા આશ્વાસન ઈનામના રૂ.૨૦૦/–નું રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર મા.ડે.મેયર શ્રીમતી ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતા શ્રી રાજેશભાઈ દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષાશ્રી, ઉપાધ્યક્ષાશ્રી, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, અન્ય કોર્પોરેટરશ્રીઓ ધ્વારા એનાયત કરવામાં આવ્યા હતા. આમ પ્રાથમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ, ધ્વિતિય અને તૃતિય વિજેતા તથા આશ્વાસન ઈનામો સહિત કુલ ૧૧ તથા માધ્યમિક વિભાગમાં ૯ મળી કુલ ૨૦ શાળાઓને રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તા.૨૪–૭–૦૬ ના રોજ માધ્યમિક વિભાગની સ્પર્ધાનું ઈનામ વિતરણ કરતાં શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈએ જણાવ્યું કે સુ.મ.પા. શહેરીજનોને રસ્તા, પાણી, લાઈટ, આરોગ્ય સુખાકારી, બાળકોને મફત પ્રાથમિક શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ પુરી પાડવાની સાથે સાથે કોઈપણ પ્રજાની તાસીરને સમજવા માટે તે પ્રજાના ઉત્સવો, રીતરિવાજ અને પ્રણાલિકાઓને આધારે તે પ્રજાની લોક પ્રકૃતિને ટકાવવા તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ સંવર્ધન કરવા સુરત મહાનગરપાલિકા તેના સાંસ્કૃતિક વિભાગ ધ્વારા સતત પ્રયત્નશીલ રહી, પ્રોત્સાહન આપી તેમનામાં છૂપાયેલી શકિત બહાર લાવવા સાંસ્કૃતિક વિભાગ ધ્વારા વિવિધ સ્પર્ધા યોજવામાં આવે છે. તેવી રીતે ખેડૂતો વરસાદ લાવવા માટે વર્ષાગીતો કે યજ્ઞ કરે છે તે રીતે હાલમાં જ વરસાદી વાતાવરણમાં વર્ષાગીત સ્પર્ધા નું આયોજન કરેલ છે. વિજેતા થયેલ શાળાઓને અભિનંદન અને વિજેતા ન થનાર શાળાઓએ આવતા વર્ષે વધુ સારી રીતે તૈયારી કરી વિજેતા નિવડે એવી શુભેચ્છા પાઠવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પ્રાથમિક વિભાગમાં શ્રી ડી.પી.એન્ડ એ.શાહ વિદ્યાલય અને માધ્યમિક વિભાગમાં શ્રીમતિ એલ.પી.સવાણી વિદ્યાભવન સ્કૂલ વિજેતા બની હતી.





સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રી જયંતભાઈ શાસ્ત્રી તથા શ્રી પ્રેમસાગર ઉમરાવ, શ્રીમતી બંસરીબેન ત્રિવેદી તથા પારૂલબેન ભટ્ટે સેવા આપી હતી. આ પ્રસંગે માજી મેયર શ્રીમતી ગીતાબેન દેસાઈ, મ્યુ.સભ્યશ્રીઓ, મ્યુ.અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા તરફથી તા. ૨૬ જુલાઈ ૨૦૦૬ના રોજ કારગીલ વિજય દિન નિમિત્તે શહીદોના માનમાં શ્રધ્ધા સુમન કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા તરફથી કારગીલ વિજય દિન નિમિત્તે તા. ૨૬મી જુલાઈ ૨૦૦૬ બુધવારના રોજ સવારે ૯.૩૦ કલાકે " કારગીલ ચોક " લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે શહીદોના માનમાં શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં માન. ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલ, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, વિરોધ પક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડીયા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન શિરોયા, ડે. કમિશ્નર (સ્પે.) શ્રી પ્રદિપસિંહ ઝાલા, મ્યુ. અધિકારીશ્રીઓ, જુદી જુદી સમિતિના અધ્યક્ષશ્રીઓ, સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, પ્રજાજનો, શાળાઓના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશભકિત ગીતના સથવારે શહીદોના સ્મારકને શ્રધ્ધા સુમન રીંગ અર્પી તેમની મહામૂલી શહાદતને યાદ કરી હતી. સુરત મહાનગરપાલિકાના સીકયુરીટી ગાર્ડો ધ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી તેમજ શારદાયતન હાઈસ્કુલના સંગીત શિક્ષકોએ દેશભકિત ગીતની રજુઆત કરી કારગીલના શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.



કારગીલ ચળવળમાં ઓપરેશન રક્ષક અંતર્ગત શહીદ થયેલા ગ્રેનેડીયરશ્રી ગોર્વધન સિંહ ઢાકાના વિધવા ગં.સ્વ.સુનિતા દેવીને ડે. મેયર શ્રીમતિ ડો. સુષ્માબેન અગ્રવાલે શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.



ત્યારબાદ હમણાં જ મુંબઈમાં થયેલા બોમ્બ વિસ્ફટોમાં શહીદ થયેલ સદગતોના આત્માનું પ્રભુ ચિરઃ શાંતિ અર્થે મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

TOP